શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૧૪

# શ્રી જીવાજીવાભિગમ સૂત્ર

આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી

– સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

અહો ગુરુદેવ!
આપની આજ્ઞા સહ પરમ કૃપાએ
સાકાર પામેલી ગુરુ પ્રાણ
આગમ બત્રીસી આધારિત
આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે
આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી જીવાજીવાભિગમસૂત્ર

શ્રી જીવાજીવાભિગમસૂત્ર, બાર ઉપાંગસૂત્રોમાં ત્રીજું ઉપાંગસૂત્ર છે. તે જીવ અને અજીવતત્ત્વનો અભિગમ–બોધ કરાવતું દ્રવ્યાનુયોગ પ્રધાન આગમ છે. તેમાં સંસારી જીવોની અનેક પ્રકારની વિવિધતાનું દર્શન કરાવીને, તે પ્રત્યેક અવસ્થામાં વ્યતીત થતો કાલ, તે તે અવસ્થામાં પ્રાપ્ત થતી શરીર, ઈન્દ્રિય, લેશ્યા, દષ્ટિ આદિ ઋદ્ધિનું વિશદ્ વર્ણન છે.

આ સૂત્ર એક શ્રુતસ્કંધરૂપ છે. તેમાં સંસારી જીવોની નવ પ્રતિપત્તિ–અધ્યયન અને સર્વ જીવોની નવ પ્રતિપત્તિ, તેમ કુલ ૧૮ પ્રતિપત્તિ છે.

## પ્રતિપત્તિ–૧

પ્રથમ પ્રતિપત્તિમાં અજીવ દ્રવ્યના ભેદ–પ્રભેદ તથા સંસારી જીવોના બે ભેદનું તથા તેને પ્રાપ્ત થતી ઋદ્ધિનું ૨૩ દ્વારથી વર્ણન છે.

**અજીવ દ્રવ્યઃ** જેમાં જીવ નથી, તે અજીવ છે. તેના બે ભેદ છે. અરૂપી અને રૂપી. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય તથા કાલદ્રવ્ય, આ ચાર અરૂપી અજીવ દ્રવ્ય છે.

**અરૂપી અજીવ**– જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી, તે અરૂપી છે. જીવ અને પુદ્‌ગલને ગતિ ક્રિયામાં સહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય એક અને અખંડ, લોક વ્યાપક દ્રવ્ય છે, તેમ છતાં તેના બુદ્ધિકલ્પિત વિભાગની અપેક્ષાએ ત્રણ ભેદ છે, (૧) અખંડ ધર્માસ્તિકાય, (૨) ધર્માસ્તિકાયનો દેશ– તેનો કોઈપણ એક વિભાગ, (૩) ધર્માસ્તિકાયનો પ્રદેશ– તેનો સમુદાય રૂપે રહેલો (જોડાયેલો) અવિભાજય અંશ.

આ રીતે સ્થિતિસહાયક અધર્માસ્તિકાય દ્રવ્યના તથા અવગાહના પ્રદાન કરનાર લોકાલોક વ્યાપક આકાશાસ્તિકાય દ્રવ્યના ત્રણ–ત્રણ ભેદ થાય છે, ૩×૩=૯+કાલદ્રવ્ય=૧૦ ભેદ થાય અને ધર્માસ્તિકાયાદિ ચારે દ્રવ્યની દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ગુણથી વિચારણા કરતાં પ્રત્યેકના પાંચ–પાંચ ભેદ થાય છે એટલે ૫×૪=૨૦ ભેદ થાય, તેમાં પૂર્વના ૧૦ ભેદ ઉમેરતાં ૨૦+૧૦=૩૦ ભેદ અરૂપી અજીવના થાય છે.

**રૂપી અજીવ** :– વર્ણાદિ સહિત પુદ્‌ગલાસ્તિકાય રૂપી અજીવ છે. તેના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ આ ચાર ભેદ થાય છે.

**સ્કંધ** :– જેમ અનેક બુંદીઓના દાણા જોડાય ત્યારે લાડવો બને છે, તેમ સંખ્યાત, અસંખ્યાત કે અનંત પરમાણુઓ

ભેગા થાય, ત્યારે તે સ્કંધ કહેવાય છે.

**દેશ :** તે લાડવાનો પા, અર્ધો, પોણો વગેરે એક વિભાગની કલ્પના કરીએ, તેમ સ્કંધના બુદ્ધિકલ્પિત એક વિભાગને દેશ કહે છે.

**પ્રદેશ :** લાડવામાં જોડાયેલા બુંદીના એક-એક દાણાની જેમ સ્કંધ સાથે જોડાયેલા તેના પ્રત્યેક અવિભાજય અંશને પ્રદેશ કહે છે.

**પરમાણુ :** લાડવાથી છૂટા પડી ગયેલા બુંદીના દાણાઓની જેમ સ્કંધનો અવિભાજ્ય અંશ સ્કંધથી છૂટો પડી જાય, ત્યારે તે પરમાણુ કહેવાય છે.

સ્કંધ, દેશ, પ્રદેશ આ ત્રણે ભેદ સ્કંધ અવસ્થાના જ છે અને પરમાણુની અવસ્થા સ્વતંત્ર છે. આ રીતે પુદ્ગલાસ્તિકાયના મુખ્ય બે ભેદ થાય છે, સ્કંધ અને પરમાણુ.

**પુદ્ગલના ગુણો :** પુદ્ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન, આ પાંચ ગુણો છે. તેમાં **વર્ણના** કાળો, નીલો, લાલ પીળો અને સફેદ, આ પાંચ ભેદ; **ગંધના** સુરભિગંધ અને દુરભિગંધ, આ બે ભેદ; **રસના** કડવો, કષાયેલો, ખાટો, મીઠો અને તીખો, આ પાંચ ભેદ;

**સ્પર્શના** કર્કશ, સુંવાળો, હળવો, ભારે, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, આ આઠભેદ તથા **સંસ્થાનના** પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયત, આ પાંચ ભેદ છે. આ રીતે પુદ્ગલદ્રવ્યના ૫+૨+૫+૮+૫=૨૫ ગુણ હોય છે. તેના પરસ્પરના સંયોગથી ૫૩૦ ભેદ થાય છે.

આ રીતે રૂપી અજીવના ૫૩૦ + અરૂપી અજીવના ૩૦ = ૫૬૦ ભેદ થાય છે.

**જીવદ્રવ્ય :-** ચૈતન્યશકિતથી યુક્ત હોય, તે જીવ છે. તેના બે ભેદ છે, કર્મમુક્ત સિદ્ધ જીવો અને કર્મયુકત સંસારી જીવો.

**સિદ્ધજીવો :** સિદ્ધજીવોનો આત્મા પૂર્ણ શુદ્ધ છે. તેઓની પૂર્ણતામાં કોઈ તરતમતા કે ભેદ-પ્રભેદ શક્ય નથી. તેમ છતાં સિદ્ધોમાં તેના સિદ્ધ થવાના સમયની અપેક્ષાએ તથા પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ ભેદ થાય છે.

સિદ્ધ થવાના સમયની અપેક્ષાએ તેના બે ભેદ છે. અનંતરસિદ્ધ અને પરંપરસિદ્ધ. જે સિદ્ધ, સિદ્ધાવસ્થાના પ્રથમ સમયમાં વર્તી રહ્યા હોય છે. તે **અનંતરસિદ્ધ** કહેવાય છે અને જે સિદ્ધ, સિદ્ધાવસ્થાના બીજા, ત્રીજા આદિ સમયમાં વર્તી રહ્યા હોય તે **પરંપરસિદ્ધ** કહેવાય છે. અર્થાત્

પ્રથમ સમય પછી અનંતકાલ પર્યંત તે પરંપરસિદ્ધ જ રહે છે.

**સિદ્ધના પંદર ભેદ :** સિદ્ધના પૂર્વના મનુષ્યભવની વિવિધ વિશિષ્ટતાઓના આધારે તેના પંદર પ્રકાર થાય છે.

૧) **તીર્થસિદ્ધ :** તીર્થની સ્થાપના પછી તીર્થકાલમાં જે સિદ્ધ થાય તે, તીર્થસિદ્ધ છે, જેમ કે ગૌતમાદિ ગણધર.

૨) **અતીર્થસિદ્ધ :** તીર્થની સ્થાપના પૂર્વે અથવા તીર્થવિચ્છેદકાલમાં જે સિદ્ધ થાય, તે અતીર્થસિદ્ધ છે, જેમ કે મરુદેવામાતા.

૩) **તીર્થંકરસિદ્ધ :** તીર્થંકર પદને પ્રાપ્ત કરીને સિદ્ધ થાય, તે તીર્થંકરસિદ્ધ છે, જેમ કે ઋષભદેવ આદિ ચોવીસ તીર્થંકરો.

૪) **અતીર્થંકરસિદ્ધ :** તીર્થંકર પદ પામ્યા વિના સામાન્ય કેવળી થઈને સિદ્ધ થાય, તે અતીર્થંકરસિદ્ધ છે, જેમ કે ગૌતમાદિ પ્રભુના સેંકડો સાધુઓ.

૫) **સ્વયંબુદ્ધસિદ્ધ :** બીજાના ઉપદેશ વિના સ્વયં જાતિસ્મરણજ્ઞાનાદિ નિમિત્તથી બોધ પામીને સિદ્ધ થાય, તે સ્વયંબુદ્ધસિદ્ધ છે, જેમ કે તીર્થંકરો.

૬) **પ્રત્યેકબુદ્ધસિદ્ધ :** કોઈ પદાર્થ, પ્રાણી, તેની અવસ્થા

અથવા કોઈ ચોકકસ પરિસ્થિતિના નિમિત્તે બોધ પામીને સિદ્ધ થાય, તે પ્રત્યેકબુદ્ધ સિદ્ધ છે. જેમ કે – નમિરાજર્ષિ

૭) **બુદ્ધબોધિતસિદ્ધ :** બીજાના ઉપદેશથી બોધ પામીને સિદ્ધ થાય, તે બુદ્ધબોધિતસિદ્ધ છે. જેમ કે ગણધરો, મેઘકુમાર વગેરે

૮) **સ્ત્રીલિંગસિદ્ધ :** સ્ત્રી શરીરે સિદ્ધ થાય, તે સ્ત્રીલિંગસિદ્ધ છે, જેમ કે – ચંદનબાળા વગેરે

૯) **પુરુષલિંગસિદ્ધ :** પુરુષ શરીરે સિદ્ધ થાય, તે પુરુષલિંગસિદ્ધ જેમ કે – જંબૂસ્વામી વગેરે

૧૦) **નપુંસકલિંગસિદ્ધ :** નપુંસક શરીરે સિદ્ધ થાય, તે નપુંસકલિંગસિદ્ધ છે, જેમ કે ગાંગેય અણગાર.

૧૧) **સ્વલિંગસિદ્ધ :** સ્વ–જિનેશ્વર પ્રરૂપિત, લિંગ– રજોહરણ આદિ દ્રવ્યલિંગ છે અને શ્રમણ સમાચારીનું પાલન કરવું, તે ભાવલિંગ છે. બંને પ્રકારના લિંગમાં સિદ્ધ થાય, તે સ્વલિંગસિદ્ધ છે, જેમ કે સુધર્માસ્વામી આદિ.

૧૨) **અન્યલિંગસિદ્ધ :** જૈન શ્રમણના લિંગ સિવાય તાપસ, પરિવ્રાજક, સંન્યાસી આદિ વેશે સિદ્ધ થાય, તે અન્યલિંગ સિદ્ધ છે, જેમ કે વલ્કલચીરિ સંન્યાસી.

૧૩) **ગૃહસ્થલિંગસિદ્ધ :** ગૃહસ્થવેશે સિદ્ધ થાય, તે

ગૃહસ્થલિંગસિદ્ધ છે, જેમ કે મરુદેવા માતા.

**૧૪) એકસિદ્ધ :** એક સમયમાં એક જ સિદ્ધ થાય, તે એક સિદ્ધ છે, જેમ કે પ્રભુ મહાવીર.

**૧૫) અનેકસિદ્ધ :** એક સમયમાં અનેક જીવો સિદ્ધ થાય, તે અનેકસિદ્ધ છે, જેમ કે ઋષભદેવ સ્વામી.

(૧) તીર્થસિદ્ધ–અતીર્થસિદ્ધ (૨) તીર્થંકરસિદ્ધ – અતીર્થંકરસિદ્ધ (૩) સ્વયંબુદ્ધ–પ્રત્યેકબુદ્ધ–બુદ્ધબોધિત સિદ્ધ (૪) સ્ત્રી–પુરુષ અથવા નપુંસકસિદ્ધ (૫) સ્વલિંગ–અન્યલિંગ અથવા ગૃહસ્થલિંગસિદ્ધ (૬) એક–અનેક સિદ્ધ. સિદ્ધ થનારા કોઈ પણ જીવમાં આ છ પ્રકારના સમૂહમાંથી એક–એક ભેદ અવશ્ય હોય છે, તેથી પ્રત્યેક સિદ્ધમાં છ બોલ અવશ્ય પ્રાપ્ત થાય છે.

**સંસારી જીવોના** બે ભેદ છે, સ્થાવર જીવો અને ત્રસ જીવો. **સ્થાવર :–** જે જીવો સ્થાવરનામકર્મના ઉદયે સ્વયં ગતિ કરી શકતા નથી, તેવા પૃથ્વી, પાણી, વનસ્પતિના જીવો સ્થાવર છે. અગ્નિ અને વાયુને ત્રસ નામકર્મનો ઉદય નથી પરંતુ તેમાં ગતિ દેખાય છે, તેથી તેની ગણના ગતિત્રસ જીવોમાં કરી છે. આ રીતે સ્થાવરનામ કર્મના ઉદયવાળા જીવોના પાંચ પ્રકાર છે.

**ત્રસ :-** જે જીવો ત્રસનામકર્મના ઉદયે સ્વયં ગતિ કરી શકે છે, તે ત્રસ છે. તેના ચાર ભેદ છે. સ્પર્શેન્દ્રિય અને જીહ્વેન્દ્રિય આ બે ઈન્દ્રિયવાળા બેઈન્દ્રિય જીવો, ઘ્રાણેન્દ્રિય સહિત ત્રણ ઈન્દ્રિયવાળા તેઈન્દ્રિય જીવો, ચક્ષુરિન્દ્રિય સહિત ચાર ઈન્દ્રિયવાળા ચૌરેન્દ્રિય જીવો અને પાંચે ઈન્દ્રિયવાળા પંચેન્દ્રિય જીવો.

પંચેન્દ્રિય જીવોના ચાર ભેદ છે. નારકી, તિર્યંચપંચેન્દ્રિય, મનુષ્ય અને દેવ.

**નારકી :** સાત નરકની અપેક્ષાએ તેના સાત ભેદ છે.

**તિર્યંચપંચેન્દ્રિય :** તેના સંજ્ઞી (ગર્ભજ) અને અસંજ્ઞી (સંમૂર્ચ્છિમ) રૂપ બે ભેદ છે. તે બંનેના જલચર, સ્થલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચર રૂપ પાંચ-પાંચ ભેદ છે.

**મનુષ્ય :** તેના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ રૂપ બે ભેદ છે. તે બંને પ્રકારના મનુષ્યોમાં (૧) ૧૫ કર્મભૂમિજ મનુષ્યો, (૨) ૩૦ અકર્મભૂમિજ મનુષ્યો અને (૩) ૫૬ અંતરદ્વીપ જ મનુષ્યો, આ ૧૦૧ ક્ષેત્રના ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તા અને અપર્યાપ્તા અને ૧૦૧ ક્ષેત્રના સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાતા, એ ૩૦૩ ભેદ થાય છે.

**દેવો :** તેના મુખ્ય ચાર ભેદ છે. ભવનપતિ દેવો, વ્યંતર દેવો, જ્યોતિષી દેવો અને વૈમાનિક દેવો. ભવનપતિના દશ ભેદ, વ્યંતરના આઠ ભેદ, જ્યોતિષીના પાંચ ભેદ અને વૈમાનિકના છવ્વીસ ભેદ છે.

આ પ્રત્યેક જીવોના પર્યાપ્ત – અપર્યાપ્ત રૂપ બે–બે ભેદ થાય છે.

સંસારી જીવોની કર્મજન્ય તરતમતા ૨૩ દ્વારથી જાણી શકાય છે, જેમ કે પૃથ્વીના જીવોને ઔદારિક, તૈજસ અને કાર્મણ, આ ત્રણ શરીર હોય છે. વાયુકાયને વૈક્રિય શરીર સહિત ચાર શરીર હોય, કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને આહારક શરીર સહિત પાંચે શરીર હોય છે. આ રીતે સર્વ જીવોના શરીર, અવગાહના, સંઘયણ, સંસ્થાન, કષાય, સંજ્ઞા, લેશ્યા, ઈન્દ્રિય, સમુદ્‌ઘાત, સંજ્ઞી, વેદ, પર્યાપ્તિ, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, યોગ, ઉપયોગ, આહાર, ઉપપાત, સ્થિતિ, ચ્યવન અને ગતિ–આગતિ વગેરે વિષયોનું વિસ્તૃત પ્રતિપાદન છે.

**ભવસ્થિતિ – કાયસ્થિતિ :** કોઈપણ જીવોના એક ભવની સ્થિતિ ભવસ્થિતિ છે અને એક જ સ્થાનમાં નિરંતર થતાં અનેક ભવોની સ્થિતિ કાયસ્થિતિ છે. સ્થાવર જીવોની

ભવસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૨૦૦૦ વર્ષની અને કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ નિગોદની અપેક્ષાએ અનંતકાલની છે. ત્રસ જીવોની ભવસ્થિતિ જઘન્ય અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે, કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૦૦૦ સાગરોપમની છે.

**અંતર :-** સ્થાવર જીવ એકવાર સ્થાવરપણું છોડીને ફરી સ્થાવરપણું પામે, તેની વચ્ચેની કાલમર્યાદા સ્થાવરનું અંતર છે. સ્થાવર જીવોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૦૦૦ સાગરોપમનું અને ત્રસ જીવોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાલનું છે.

ત્રસ જીવ મરીને સ્થાવરપણાને પામે, ત્યારપછી નિગોદમાં અનંતકાલ પસાર કર્યા પછી પુનઃ ત્રસપણું પામે, તો ત્રસનું અનંતકાલનું અંતર થાય છે.

## પ્રતિપત્તિ–૨

સંસારી જીવોના ત્રણ ભેદ કરીને, તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ તથા અંતરનું નિરૂપણ છે. વેદની અપેક્ષાએ સંસારી જીવોના ત્રણ ભેદ છે. સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદી જીવો.

**વેદ :** વેદમોહનીય કર્મના ઉદયથી સ્ત્રી કે પુરુષ સાથે

રમણ કરવાની અભિલાષા થાય, તેને વેદ કહે છે. જે કર્મના ઉદયથી પુરુષ સાથે રમણ કરવાની ઈચ્છા થાય, તે **સ્ત્રીવેદ;** સ્ત્રી સાથે રમણ કરવાની ઈચ્છા થાય, તે **પુરુષવેદ;** અને સ્ત્રી-પુરુષ બંને સાથે રમણ કરવાની ઈચ્છા થાય તે **નપુંસકવેદ** છે.

સ્ત્રીવેદ છાણાની અગ્નિ સમાન છે. જેને પ્રગટ થવામાં સમય વ્યતીત થાય પરંતુ પ્રગટ થયા પછી દીર્ઘકાલ પ્રજવલિત રહે છે, પુરુષવેદ વનના દાવાનલ સમાન છે. તે શીઘ્ર પ્રગટ થઈને શીઘ્ર શાંત થાય છે. નપુંસકવેદ મહાનગરના દાવાનલ સમાન છે. તે દીર્ઘકાલ પ્રજવલિત રહે છે.

નરક ગતિમાં સર્વ નારકીઓને તથા તિર્યંચગતિમાં એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયને એક નપુંસકવેદ હોય છે, સંજ્ઞી તિર્યંચને ત્રણે વેદ હોય, મનુષ્યગતિમાં સંમૂર્ચ્છિમ મનુષ્યોને એક નપુંસકવેદ, યુગલિકોને સ્ત્રીવેદ અને પુરુષવેદ, કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને ત્રણે વેદ હોય છે. દેવગતિમાં ભવનપતિ, વ્યંતર, જયોતિષી અને પ્રથમ બે દેવલોકમાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને ત્રીજા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને

એક પુરુષવેદ હોય છે.

**ભવસ્થિતિ** :- સમુચ્ચય સ્ત્રીવેદી જીવોની ભવસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ઈશાન દેવલોકની અપરિગૃહિતા દેવીની અપેક્ષાએ ૫૫ પલ્યોપમની; પુરુષવેદી જીવોની ભવસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની અપેક્ષાએ ૩૩ સાગરોપમની; નપુંસકવેદી જીવોની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતમી નરકના નારકીની અપેક્ષાએ ૩૩ સાગરોપમની છે.

**કાયસ્થિતિ** :- સમુચ્ચય સ્ત્રીવેદી જીવોની કાયસ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનેક ક્રોડ પૂર્વવર્ષ અધિક ૧૧૦ પલ્યોપમની; પુરુષવેદીની જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક સાગરોપમની; નપુંસકવેદીની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ નિગોદના જીવોની અપેક્ષાએ અનંતકાલની છે.

**અંતર** :- સ્ત્રી અવસ્થાનો ત્યાગ કરીને પુનઃ ભવાંતરમાં સ્ત્રીપણાને પામે, તે કાલમર્યાદા સ્ત્રીવેદનું અંતર છે. સ્ત્રીવેદનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાલનું; પુરુષવેદનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાલનું; નપુંસકવેદનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમનું છે.

**અલ્પબહુત્વ :–** સમસ્ત લોકમાં સર્વથી થોડા પુરુષવેદી જીવો છે. તેનાથી સ્ત્રી સંખ્યાતગુણી અને નપુસંક અનંતગુણા છે.

## પ્રતિપત્તિ–૩

આ પ્રતિપતિમાં ગતિની અપેક્ષાએ સંસારી જીવોના ચાર પ્રકાર, તે જીવોના સ્થાન, સ્થિતિ આદિ વિષયોનું વિસ્તૃત વર્ણન છે. સંસારી જીવોના ચાર પ્રકાર છે. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

**નારકી :** નરકાયુષ્યને ભોગવતા અને સાત નરકનાં નરકાવાસમાં નિવાસ કરનારા જીવો નારકી કહેવાય છે.

**નરક :** અધોલોકમાં ક્રમશઃ નીચે નીચે સાત નરક પૃથ્વી છે. સાતે નરકપૃથ્વીની લંબાઈ પહોળાઈ ક્રમશઃ વધતી જાય છે અને ઊંચાઈ ક્રમશઃ ઘટની જાય છે. પ્રથમ નરક પૃથ્વી એક રજ્જુ, લાંબી પહોળી, બીજી નરક પૃથ્વી બે રજ્જુ, તે રીતે વધતા સાતમી નરક પૃથ્વી સાત રજ્જુ લાંબી–પહોળી છે. પ્રથમ નરક પૃથ્વીની નીચે ૨૦,૦૦૦ યોજનની જાડાઈ પ્રમાણ ઘનોદધિ, ત્યાર પછી અસંખ્યાત– અસંખ્યાત યોજન પ્રમાણ ઘનવાત, તનુવાત અને આકાશ છે. ત્યાર પછી બીજી નરક પૃથ્વી છે. આ રીતે સાતે નરક પૃથ્વીની

નીચે ઘનોદધિ આદિ છે.

પ્રથમ નરક પૃથ્વીના ત્રણ વિભાગ છે. ૧૬૦૦૦ યોજન વિસ્તૃત ખરકાંડ છે. તે ક્રમશઃ ૧૬ જાતિના રત્નમય છે. ત્યાર પછી ૮૪૦૦૦ યોજન વિસ્તૃત કીચડ પ્રધાન પંકબહુલકાંડ અને ૮૦૦૦૦ યોજન વિસ્તૃત પાણીની પ્રચુરતાવાળો અપ્‌બહુલકાંડ છે. બીજી આદિ નરકમાં કોઈ વિભાગ નથી.

**નરકાવાસ :** પ્રત્યેક નરક પૃથ્વીમાં ઉપર-નીચે ૧૦૦૦ યોજન છોડીને મધ્યના પોલાણભાગમાં પ્રસ્તટ-પાથડા અને આંતરા છે. પ્રથમ નરકમાં તેર પાથડા અને બાર આંતરા છે. પાથડામાં નરકાવાસ અને આંતરામાં દશ ભવનપતિના ભવન છે. બીજી નરકાદિમાં આંતરા ખાલી છે અને પાથડામાં નરકાવાસ છે. નરકાવાસ અંદરથી ગોળ અને બહારથી ચોરસ, ત્રિકોણાદિ આકારવાળા હોય છે. જે નરકાવાસો ચારે દિશા અને વિદિશામાં પંક્તિબદ્ધ ગોઠવાયેલા છે. તે ગોળ, ત્રિકોણ અને ચોરસ, આ ત્રણ આકારના છે અને છૂટા છવાયા નરકાવાસો વિવિધ આકારના હોય છે. પ્રત્યેક નરકાવાસની જાડાઈ ૩૦૦૦ યોજન છે. તેમાં ઉપર-નીચે એક-એક હજાર યોજન નક્કર

ભાગ છે, મધ્યના ૧૦૦૦ યોજનમાં પોલાણ છે. ત્યાં નારકોને ઉત્પન્ન થવા માટે અસંખ્યાત કુંભીઓ હોય છે, તે ઘટની જેમ નીચેથી પહોળી અને ઉપર અત્યંત સાંકડી હોય છે, તેમાંથી નારકીને બહાર નીકળવામાં અત્યંત ત્રાસની અનુભૂતિ થાય છે. કેટલાક નરકાવાસ સંખ્યાત યોજન વિસ્તૃત અને કેટલાક અસંખ્યાત યોજન વિસ્તૃત છે. દરેક નરકાવાસ વજ્રથી બનેલા, ગાઢ અંધકારમય, અત્યંત ઘૃણાજનક, અશુભ વર્ણાદિથી યુકત હોય છે. તેનું ભૂમિતલ લોહી, માંસ, ચરબીના કીચડથી ભરેલું હોય છે. સાતે નરકમાં કુલ ૮૪ લાખ નરકાવાસ છે. મનુષ્ય અને તિર્યંચગતિના જીવો નરકગતિમાં ઉત્પન્ન થાય છે. નારકીઓને જન્મથી જ વૈક્રિય શરીર, વૈક્રિયલબ્ધિ અને અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોય છે. તે જીવો વૈક્રિયલબ્ધિથી પોતાના શરીરથી બમણુ શરીર બનાવી શકે છે. તે ઉપરાંત એક કે અનેક વિવિધ પ્રકારના શસ્ત્રો આદિ સંખ્યાત રૂપોની વિકુર્વણા કરી શકે છે. તેની પ્રત્યેક વિકુર્વણા અનિષ્ટ અને અશુભ હોય છે. શુભ પુદ્ગલો પણ તે જીવોના પાપકર્મના ઉદયે અશુભ રૂપે પરિણત થાય છે. છટ્ઠી-સાતમી નરકના નારકી સૂક્ષ્મ કુંથુવા, કીડા આદિ રૂપોની વિકુર્વણા કરીને

એકબીજાના શરીરમાં ઘુસી જાય છે અને પરસ્પર ત્રાસ આપે છે. નારકીઓને દશ પ્રકારની ક્ષેત્રવેદના હોય છે. અનંત ભૂખ, તરસ, શીત, ઉષ્ણતા, ખુજલી, પરાધીનતા, જ્વર, દાહ, ભય, શોક, આ દશ વેદનાનો અનુભવ તેને સતત કરવો પડે છે. અસત્‌કલ્પનાથી આ લોકના સર્વ ખાદ્ય પદાર્થો કે સર્વ સમુદ્રનું પાણી એક નારકીને આપવામાં આવે, તો પણ તેની ક્ષુધા કે તૃષા શાંત થતી નથી. પ્રથમ ત્રણ નરકના નારકીને પરમાધામી દેવો અસહ્ય ત્રાસ આપે છે. સાતેસાત નરકના નારકીઓ સતત પરસ્પરકૃત વેદનાનો અનુભવ કરે છે. સંક્ષેપમાં નારકીઓ ક્ષેત્રકૃત, દેવકૃત અને પરસ્પરકૃત વેદનાનો અનુભવ કરતાં હંમેશા ઉદ્વિગ્ન, ત્રસ્ત, ભયભીત અને અશુભ લેશ્યાના પરિણામમાં જ હોય છે. તે જીવોના દીર્ઘકાલીન જીવનમાં આંશિક સુખનું એક પણ નિમિત્ત પ્રાપ્ત થતું નથી. ત્યાં રહેલા સ્થાવર જીવોનો સ્પર્શ પણ અનિષ્ટ અને અપ્રિય હોય છે. તે સ્થાવર જીવો પણ મહાકર્મ, મહાક્રિયા, મહાવેદના ને મહાશ્રવવાળા હોય છે.
**તિર્યંચ :** તિર્યંચાયુષ્યને ભોગવતાં, સમગ્ર લોકમાં ફેલાયેલા, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો તિર્યંચ કહેવાય છે. જાતિની અપેક્ષાએ તેના પાંચ ભેદ છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય,

તેઈન્દ્રિય ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ. તેના ભેદ–પ્રભેદ પ્રથમ પ્રતિપતિ અનુસાર જાણવા.

**યોનિસંગ્રહ :** જીવોના ઉત્પતિસ્થાનને યોનિ કહે છે. તે ઉત્પતિસ્થાનમાં જીવ વિવિધ રીતે જન્મ ધારણ કરે છે. આ વિવિધ પ્રકારના જન્મોને યોનિસંગ્રહ કહે છે. જન્મના ત્રણ પ્રકાર છે. સંમૂચ્છિર્મ, ગર્ભજ અને ઉપપાત. ગર્ભજ જન્મના ત્રણ પ્રકાર છે–જરાયુજ, અંડજ અને પોતજ. ચારે ગતિના જીવોમાંથી નારકી અને દેવોને ઉપપાત જન્મ, મનુષ્ય અને તિર્યંચોને સંમૂચ્છિર્મ અને ગર્ભજ જન્મ હોય છે.

જે જીવોનો ઈંડાથી જન્મ થાય, તે અંડજ જન્મવાળા કહેવાય છે, ચકલા, કબૂતર વગેરે. ગર્ભમાંથી બહાર આવતાં જ જે જીવો ચાલવા લાગે, તે પોતજ જન્મવાળા કહેવાય છે, વાગોળ વગેરે. શરીરની આજુબાજુ ઓર–પાતળા પડ સહિત જન્મધારણ કરવાવાળા જીવો જરાયુજ જન્મવાળા કહેવાય છે. ગાય, ભેંસ વગેરે. જે જીવો માતા–પિતાના સંયોગ વિના ઉત્પન્ન થાય, તે સંમૂચ્છિર્મ કહેવાય છે. તિર્યંચપંચેન્દ્રિયમાં સંમૂચ્છિર્મ અને ગર્ભજ, બંને પ્રકારના જીવો હોય છે. તેમાં સ્થલચરને પ્રાયઃ જરાયુજ અને સંમૂચ્છિર્મ, આ બે પ્રકારનો યોનિસંગ્રહ છે. સ્થલચરમાં

પોતજ જન્મની પણ સંભાવના છે પણ પ્રાયઃ જરાયુજ જન્મવાળા હોવાથી અહીં બે યોનિ કહેલ છે. જલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરને અંડજ, પોતજ અને સંમૂર્ચ્છિમ, આ ત્રણ પ્રકારનો યોનિસંગ્રહ હોય છે.

**કુલકોટિ :** એક યોનિ– ઉત્પતિસ્થાનમાં ઉત્પન્ન થનારા જીવોમાં અનેક કુળ હોય છે, જેમ કે છાણરૂપ યોનિમાં કૃમિ, વૃશ્ચિક આદિ અનેક કુળ હોય છે. આ રીતે એક જ યોનિમાં અવાંતર જાતિરૂપ અનેક કુળનો સદ્ભાવ હોવાથી બેઈન્દ્રિયની સાત લાખ, તેઈન્દ્રિયની આઠ લાખ, ચૌરેન્દ્રિયની નવ લાખ, તિર્યંચપંચેન્દ્રિયમાં જલચરની બાર લાખ, સ્થલચરની દશ લાખ, ઉરપરિસર્પની દશ લાખ, ભુજપરિસર્પની નવ લાખ અને ખેચરની બાર લાખ કુલકોટિ છે.

**મનુષ્ય :–** મનુષ્ય આયુષ્યને ભોગવતાં, અઢીદ્વીપ ક્ષેત્રમાં રહેતાં, જીવોને મનુષ્ય કહે છે. મનુષ્યના બે ભેદ છે. સંમૂર્ચ્છિમમનુષ્ય અને ગર્ભજમનુષ્ય. ક્ષેત્રની અપેક્ષાએ તેના ત્રણ ભેદ છે. ૧, કર્મભૂમિના મનુષ્યો ૨, અકર્મભૂમિના મનુષ્યો, ૩, અંતરદ્વીપના મનુષ્યો. અસિ, મસિ અને કૃષિ રૂપ ત્રણ પ્રકારના કર્મથી જે ક્ષેત્રના મનુષ્યોનો જીવન

વ્યવહાર ચાલતો હોય, તે કર્મભૂમિના મનુષ્ય છે. પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહક્ષેત્ર, આ પંદર કર્મભૂમિના ક્ષેત્રો છે.

જે મનુષ્યોનો જીવનવ્યવહાર દશ પ્રકારના કલ્પવૃક્ષથી ચાલતો હોય, તે અકર્મભૂમિના મનુષ્ય છે. પાંચ-પાંચ હેમવય, હિરણ્યવય, હરિવાસ, રમ્યક્વાસ, દેવકુરુ, ઉત્તરકુરુ, આ ત્રીસ અકર્મભૂમિના ક્ષેત્રો છે.

લવણસમુદ્રમાં દાઢાના આકારે રહેલા અંતરદ્વીપમાં રહેનારા મનુષ્યો, અંતરદ્વીપના મનુષ્યો કહેવાય છે. જંબૂદ્વીપના ચુલ્લહિમવંત પર્વતની અને શિખરી પર્વતના પૂર્વી-પશ્ચિમી બંને ચરમાંતે લવણસમુદ્રમાં ચારે વિદિશામાં આંતરે આંતરે સાત-સાત અંતરદ્વીપની ચાર પંકિત છે, તેથી ૭×૪=૨૮ દ્વીપ ઉત્તરદિશામાં છે અને ૨૮ દ્વીપ દક્ષિણદિશામાં છે, આ રીતે કુલ ૨૮+૨૮= ૫૬ અંતરદ્વીપ છે. તે મનુષ્યોનો જીવનવ્યવહાર કલ્પવૃક્ષથી જ ચાલે છે.

**યુગલિકક્ષેત્ર :** તે ક્ષેત્રની ભૂમિ અત્યંત સમતલ, રમણીય, પ્રસન્નતાજનક, દર્શનીય હોય છે. ત્યાં ખાડા, ટેકરા આદિ વિષમભૂમિ નથી. વિવિધ પ્રકારના વનો, લતાઓ, પુષ્પો, ફળોથી તે ભૂમિ હરિયાળી લાગે છે. ત્યાં ગામ, નગર,

મકાન, દુકાનાદિ નથી. તથાપ્રકારના વૃક્ષો જ આવાસ, સ્થાન રૂપે પરિણત થઈ જાય છે, ત્યાં સોનુ–ચાંદી આદિ મૂલ્યવાન પદાર્થો હોય છે પરંતુ મનુષ્યોને તેનું આકર્ષણ હોતું નથી. ઘોડા, હાથી, ગાય, ભેંસ આદિ પશુઓ હોય પરંતુ મનુષ્યો તેનો ઉપયોગ કરતા નથી. યુગલિકો પાદવિહારી હોય છે. તે ક્ષેત્રના મનુષ્યો સ્વયં પ્રસન્નતાનો અનુભવ કરતા હોવાથી કોઈ ઉત્સવ ઉજવાતા નથી. ત્યાં મનુષ્યોની સર્વ આવશ્યકતાઓ કલ્પવૃક્ષ દ્વારા જ પૂર્ણ થાય છે.

**દશ કલ્પવૃક્ષ :–** આ વૃક્ષો વિશિષ્ટ પ્રકારના દશ જાતિના હોય છે. તેમાંથી કેટલાક વૃક્ષોના ફળાદિ ખાદ્યપદાર્થ રૂપે પરિણત થાય છે, કેટલાક વૃક્ષોના પત્રાદિ વસ્ત્ર રૂપે ઉપયોગમાં આવે છે, કેટલાક વૃક્ષો સૂર્ય સમ પ્રકાશ આપે છે, યથા–૧, **મતંગા–** મત્ત–માદકરસ. જે વૃક્ષના અવયવો માદક રસની જેમ આનંદદાયક હોય, તે વૃક્ષ મતંગા કહેવાય છે. આ વૃક્ષના ફૂલો પરિપકવ થાય ત્યારે તેમાંથી રસ પ્રવાહિત થાય છે. તેનું રસપાન કરીને યુગલિકો આનંદિત થાય છે. ૨, **ભૃતાંગા–** તે વૃક્ષોના પત્રો આદિ વાસણ રૂપે ઉપયોગમાં આવે છે. ૩, **ત્રુટિતાંગા–** તે

વૃક્ષોના પત્રો, પુષ્પો આદિમાંથી સુમધુર વાજિંત્રોના ધ્વનિ નીકળે છે. તે ધ્વનિ કર્ણપ્રિય અને મનોહર હોય છે. ૪, **દીપશિખા**– તે વૃક્ષો સ્વાભાવિક રીતે પ્રકાશયુકત હોય છે. તે સંધ્યા સમયે પ્રગટાયેલા દીપક જેવો પ્રકાશ આપે છે. ૫, **જયોતિશિખા**– તે વૃક્ષો ચંદ્ર–સૂર્યની સમાન પ્રકાશિત હોય છે. ૬, **ચિત્રાંગા**– તે વૃક્ષોના પત્ર, પુષ્પ આદિ સ્વાભાવિક રીતે માળા રૂપે પરિણત થાય છે. ૭, **ચિત્રરસા**– તે વૃક્ષોના ફળો સ્વાદિષ્ટ ભોજન રૂપ હોય છે. ૮, **મણ્યંગા**– તે વૃક્ષના પત્ર–પુષ્પો અત્યંત સોહામણા આભૂષણ રૂપે ઉપયોગમાં આવે છે. ૯, **ગેહકારા**– તે વૃક્ષ અત્યંત સઘન હોય છે. મનુષ્યો તેનો આવાસ રૂપે ઉપયોગ કરે છે. ૧૦, **અનગ્ના**– તે વૃક્ષોના પત્ર, છાલ આદિ અત્યંત બારીક, મુલાયમ, રંગબેરંગી હોય છે. તેનો વસ્ત્ર રૂપે ઉપયોગ થાય છે.

આ દશે વૃક્ષો વનસ્પતિકાય છે. તેનું સ્વાભાવિક પરિણમન તે તે પ્રકારે થાય છે. આ વૃક્ષો પાસે મનુષ્યો કોઈ યાચના કરતા નથી પરંતુ તે તે વૃક્ષોથી પ્રાપ્ત થતાં પદાર્થોથી જ મનુષ્યોની ઈચ્છાપૂર્તિ થઈ જાય છે, તેથી તે કલ્પવૃક્ષ રૂપે પ્રચલિત છે.

**યુગલિક મનુષ્યો :** ૩૦ અકર્મભૂમિ+૫૬ અંતરદ્વીપ= ૮૬ ક્ષેત્રના મનુષ્યો યુગલિકપણે જન્મ ધારણ કરીને યુગલિકપણે જીવન પૂર્ણ કરે છે. પુણ્યયોગે તે મનુષ્યોને શ્રેષ્ઠ સંઘયણ, શ્રેષ્ઠ સંસ્થાન, નિરોગી, ઉત્તમ લક્ષણોથી યુકત, કાંતિમાન શરીર, સુસ્વર, મનોહર રૂપ, સરલ, નિરભિમાની, મંદ કષાયી, ભદ્ર પ્રકૃતિવાળા હોય છે. દશ પ્રકારના કલ્પવૃક્ષથી સર્વ ઈચ્છાઓની પૂર્તિ થઈ જવાથી ત્યાં વેર-ઝેર, ઈર્ષ્યા-અદેખાઈ, સંઘર્ષ આદિ નથી. આ ક્ષેત્રમાં કુદરતી આપત્તિ, માખી-મચ્છર આદિ ક્ષુદ્ર જંતુઓનો ત્રાસ નથી. ત્યાં સિંહ, વાઘ આદિ હિંસક કે સર્પ આદિ ઝેરી પશુઓના ઉપદ્રવ નથી, તે મનુષ્યોને આધિ, વ્યાધિ કે ઉપાધિજન્ય દુઃખ નથી. ત્યાં સ્વામી-સેવક, રાજા-પ્રજા આદિ નાના મોટાના ભેદ નથી. પ્રત્યેક યુગલિક સ્વતંત્રતાપૂર્વક વિચરણ કરે છે. યુગલિકો પોતાની ઈચ્છાનુસાર કલ્પવૃક્ષના સુમધુર ફળનો આહાર કરે છે. તે ફળો મીઠા, મધુરા, સુપાચ્ય, બલ-વીર્યવર્ધક હોય છે.

યુગલિકો પોતાના જીવનકાલનાં છ મહિના શેષ રહે, ત્યારે એક યુગલને જન્મ આપે છે. માતા-પિતા મર્યાદિત દિવસો જ તેની પ્રતિપાલના કરે છે અને તે

મર્યાદિત દિવસોમાં જ તેઓ યુવા બની જાય છે, ત્યારપછી તે ભાઈ-બેન પતિ-પત્નીનો સંબંધ સ્વીકારીને સ્વતંત્ર વિચરણ કરે છે. આ રીતે સુખપૂર્વક ભોગ ભોગવીને આયુષ્ય પૂર્ણ કરીને અવશ્ય દેવગતિને પામે છે.

**જંબૂદ્વીપ :** તિરછાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તેમાં કેન્દ્રસ્થાને જંબૂદ્વીપ છે. તે એક લાખ યોજન લાંબો-પહોળો છે. તેની ચારે બાજુ આઠ યોજન ઊંચી, બાર યોજન પહોળી જગતી-કિલ્લો છે. જગતીની ઉપર શિખરીતલની મધ્યમાં એક પદ્મવરવેદિકા-પાળી છે. તેની બંને બાજુ વનખંડ, અનેક વાવડીઓ છે. ત્યાં દેવોને બેસવાના આસન છે. જગતી ઉપર વ્યંતર જાતિના દેવો આનંદ-પ્રમોદ માટે આવે છે.

જંબૂદ્વીપની જગતીમાં ચારે દિશામાં ચાર દ્વાર છે. તેના નામ ક્રમશઃ વિજય, વિજયંત, જયંત અને અપરાજિત દ્વાર છે, પ્રત્યેક દ્વાર પર તે તે નામના અધિષ્ઠાયક દેવ છે. દ્વારની બંને બાજુ બેસવાના ઓટલા છે. દ્વાર ઉપર ચંદનકળશ, માળા, સ્વસ્તિક વગેરે મનોહર ચિત્રો છે. ત્યાં દેવોના સુંદર પ્રસાદો, દેવોને બેસવાના સિંહાસનો વગેરે છે.

પૂર્વદિશાના વિજયદ્વારના અધિષ્ઠાયક વિજયદેવની

વિજયા નામની રાજધાની અસંખ્ય દ્વીપ-સમુદ્ર પછી અન્ય જંબૂદ્વીપમાં ૧૨૦૦૦ યોજન અંદર છે. વિજયા રાજધાનીમાં વિજયદેવનો મુખ્ય પ્રાસાદ, સિંહાસન, સુધર્માસભા આદિ પાંચ સભા આદિ દિવ્ય ઋદ્ધિ છે. ઉપપાતસભામાં અન્ય દેવોની જેમ વિજયદેવનો જન્મ થાય, ત્યારે દેવોના વ્યવહાર પ્રમાણે અન્ય દેવો વિજયદેવનો અભિષેક કરે છે. વિજયદેવ પોતાના ક્ષેત્રનું આધિપત્ય કરતાં, દિવ્યભોગ ભોગવતાં વિચરણ કરે છે. આ રીતે ચારે દ્વાર અને તેના અધિષ્ઠાયક દેવ તથા તેની રાજધાની આદિ છે.

જંબૂદ્વીપમાં બે ચંદ્ર, બે સૂર્ય, ૫૬ નક્ષત્રો, ૧૭૬ ગ્રહો, ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી તારાઓ મેરુ પર્વતની ફરતે પ્રદક્ષિણા કરે છે.

જંબૂદ્વીપના ઉત્તરકુરુક્ષેત્રમાં જંબૂનામનું વૃક્ષ છે, તેથી આ દ્વીપનું નામ જંબૂદ્વીપ છે.

**લવણસમુદ્ર :** જંબૂદ્વીપને સ્પર્શીને જંબૂદ્વીપને ફરતો, જંબૂદ્વીપથી બમણા વિસ્તારવાળો લવણસમુદ્ર છે. તેનો ચક્રવાલવિષ્કંભ બે લાખ યોજનનો છે. તે ચૂડીના આકારે છે. તેની ચારે દિશામાં જંબૂદ્વીપની જેમ ચાર દ્વાર વગેરે છે.

**સંસ્થાન :** સંપૂર્ણ લવણસમુદ્રનું સંસ્થાન ચૂડીના આકારે

ગોળ છે પરંતુ તેની ઊંચાઈ, ઊંડાઈ, ગોતીર્થભૂમિ આદિ અપેક્ષાએ લવણસમુદ્રના ભિન્ન ભિન્ન આકાર થાય છે. (૧) લવણ સમુદ્રના બંને કિનારાથી ૯૫૦૦૦-૯૫૦૦૦ યોજન સુધીની ભૂમિ ક્રમશઃ નીચે ઉતરતી જાય છે. અને વચ્ચે ૧૦૦૦૦ યોજન સમતલભાગ છે. તેના ઢાળવાળા ભાગને ગોતીર્થ કહે છે. તેથી તેનું સંસ્થાન **ગોતીર્થ** જેવું છે. (૨) લવણસમુદ્રના બંને બાજુ નીચે ઉતરતા ભાગ અને મધ્યના સમતલભાગના કારણે તેનો આકાર **નાવ** જેવો લાગે છે. (૩) લવણ સમુદ્રની ઉપર વધતી જતી ઊંચાઈ અને નીચે ઉતરની ઊંડાઈ, આ બંનેને સાથે જોતાં તેનો આકાર **છીપસંપુટ** જેવો છે. (૪) લવણ સમુદ્રની વધતી જતી જળ સપાટીનો આકાર **અશ્વસ્કંધ** જેવો છે. (૫) લવણ સમુદ્રની ૧૬૦૦૦ યોજન ઊંચી અને ૧૦૦૦૦ યોજન પહોળી જળશિખાનો આકાર **વલભી** ગૃહ-ગોળાકાર અગાસી જેવો છે.

**જલશિખા :** લવણસમુદ્રના મધ્યના ૧૦૦૦૦ યોજનના વિસ્તારમાં રહેલું પાણી તથાપ્રકારના જગત સ્વભાવે હંમેશા ૧૬૦૦૦ યોજન ઊંચાઈ સુધી સમભીંત્તિની જેમ સ્થિત છે. તેને દગમાળા કે જલશિખા કહે છે. તેના કારણે

લવણસમુદ્રના બે ભાગ પડે છે. જલશિખાથી જંબૂદ્વીપ તરફનો ભાગ આભ્યંતર લવણ સમુદ્ર અને ધાતકીખંડ તરફનો ભાગ બાહ્ય લવણસમુદ્ર કહેવાય છે.

**પાતાળ કળશ :** મધ્યના ૧૦૦૦૦ યોજનના સમતલ ભાગમાં ચારે દિશામાં એક લાખ યોજન ઊંડા ચાર મહાપાતાળ કળશ અને તે મહાકળશોની વચ્ચેના ચારે આંતરામાં એક હજાર યોજન ઊંડા નવ પંકિતમાં કુલ ૭,૮૮૪ લઘુપાતાળ કળશ છે. તે સર્વ પાતાળ કળશોમાં નીચેના ત્રિભાગમાં વાયુ, મધ્યના ત્રિભાગમાં વાયુ તથા પાણી અને ઉપરના ત્રિભાગમાં પાણી છે.

**ભરતી ઓટ :** પાતાળ કળશોના નીચેના ભાગનો વાયુ જયારે ક્ષુભિત થાય, ત્યારે તે ઉપરના પાણીને ઊર્ધ્વમુખી બનાવે છે. તેના પરિણામે ૧૬૦૦૦ યોજન ઊંચી જલશિખા થાય છે. તે સમયે સંપૂર્ણ લવણ સમુદ્રમાં તરંગો ઉત્પન્ન થાય છે, તે જ સમુદ્રની ભરતી કહેવાય છે. જયારે પાતાળ કળશનો વાયુ શાંત થઈ જાય ત્યારે પાણી પોતાની મૂળ સ્થિતિમાં આવી જાય છે, તે ઓટ કહેવાય છે. પ્રાયઃ દિવસમાં બે વાર અને આઠમ, ચૌદસ, પૂનમ અને અમાવાસ્યાના દિવસે ભરતી ઓટ અર્થાત્ જલમાં વધઘટ

થાય છે.

**વેલંધર દેવો :** લવણસમુદ્રની જલશિખાનું પાણી તીવ્ર વેગથી ઉછળતું હોય, ત્યારે તે ઉછળતા પાણીને વેલંધર નાગકુમાર જાતિના હજારો દેવો સતત કડછા વડે દબાવે છે. જો દેવો આ પ્રમાણે ન કરે, તો સમુદ્રનું પાણી જંબૂદ્વીપને ડૂબાડી દે, પરંતુ જગતના વિશિષ્ટ સ્વભાવે, દેવના પ્રયત્ને અને ચતુર્વિધ સંઘના પુણ્યપ્રભાવે સમુદ્ર કયારેય મર્યાદા છોડતો નથી.

લવણસમુદ્રમાં ચારે દિશામાં ૪૨૦૦૦ યોજન દૂર વેલંધર દેવોના ચાર આવાસ પર્વત છે, તે વેલંધર પર્વત કહેવાય છે અને ચારે વિદિશામાં અનુવેલંધર દેવોના આવાસ પર્વત છે.

**ગૌતમ દ્વીપ :** મેરુ પર્વતની પશ્ચિમમાં લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન દૂર લવણસમુદ્રના અધિષ્ઠાયક સુસ્થિત નામના વ્યંતર દેવના આવાસ રૂપ ૧૨૦૦૦ યોજન લાંબો-પહોળો ગૌતમદ્વીપ છે. ત્યાં તે દેવોનો પ્રાસાદ, ક્રીડાસ્થાનો વગેરે છે.

**જ્યોતિષી દેવો :** લવણસમુદ્રમાં ચાર ચંદ્ર અને ચાર સૂર્ય તેના પરિવાર સહિત પરિભ્રમણ કરી રહ્યા છે.

**ચંદ્ર-સૂર્યદ્વીપ :-** જંબૂદ્વીપના બે ચંદ્ર અને બે સૂર્યના ચંદ્રદ્વીપ અને સૂર્યદ્વીપ આભ્યંતર લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન દૂર છે. લવણસમુદ્રના બે ચંદ્ર-સૂર્યના દ્વીપ આભ્યંતર લવણસમુદ્રમાં અને બીજા બે ચંદ્ર-સૂર્યના દ્વીપ બાહ્ય લવણસમુદ્રમાં કિનારાથી ૧૨૦૦૦ યોજન દૂર છે. ધાતકીખંડદ્વીપના ચંદ્ર-સૂર્યના દ્વીપ કાલોદધિ સમુદ્રમાં છે. આ રીતે દરેક દ્વીપના ચંદ્ર-સૂર્યના દ્વીપો પછીના સમુદ્રમાં અને સમુદ્રોના ચંદ્ર-સૂર્યના દ્વીપો તે જ સમુદ્રના બાહ્ય કિનારા પર છે. તે દેવોની રાજધાની અસંખ્ય દ્વીપ-સમુદ્ર પછી તે તે નામવાળા અન્ય દ્વીપ કે સમુદ્રોમાં છે. પ્રત્યેક ચંદ્રદ્વીપ પૂર્વદિશામાં અને સૂર્યદ્વીપ પશ્ચિમ દિશામાં છે.

**ધાતકીખંડ દ્વીપ :** લવણસમુદ્રની ફરતો ચાર લાખ યોજન વિસ્તૃત ધાતકીખંડ દ્વીપ છે. તેમાં જંબૂદ્વીપના મેરુપર્વતથી ઉત્તર-દક્ષિણ દિશામાં ચાર-ચાર લાખ યોજન લાંબા, ૧૦૦૦ યોજન પહોળા અને ૫૦૦ યોજન ઊંચા બે ઈષુકાર પર્વત છે. તેનાથી ધાતકીખંડના બે વિભાગ થાય છે. પૂર્વાર્ધ ધાતકીખંડ અને પશ્ચિમાર્ધ ધાતકીખંડ. આ બંને વિભાગમાં ૮૪૦૦૦ યોજન ઊંચો એક-એક, એમ કુલ બે મેરુ પર્વત છે. જંબૂદ્વીપની જેમ જ આ બંને વિભાગમાં ક્ષેત્ર,

પર્વત, નદી, દ્રહ આદિ છે. તેથી ધાતકીખંડમાં બે ભરતક્ષેત્ર, બે ઐરવતક્ષેત્ર, બે મહાવિદેહક્ષેત્ર આદિ કર્મભૂમિના છ ક્ષેત્રો અને અકર્મભૂમિના બાર ક્ષેત્રો છે.

જંબૂદ્વીપની જેમ ધાતકીખંડની જગતીમાં ચારે દિશામાં ચાર દ્વાર છે. ધાતકીખંડમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય પોતાના ગ્રહ, નક્ષત્ર અને તારાના પરિવાર સહિત પરિભ્રમણ કરે છે. ધાતકીખંડના પૂર્વ વિભાગમાં ધાતકીવૃક્ષ અને પશ્ચિમ વિભાગમાં મહાધાતકી વૃક્ષ છે. તેના આધારે આ દ્વીપનું ધાતકીખંડ શાશ્વત નામ છે.

**કાલોદધિસમદ્ર :** ધાતકીખંડની ચારેબાજુ તેને ફરતો આઠ લાખ યોજન વિસ્તૃત કાલોદધિસમુદ્ર છે. તેનું પાણી અડદના ઢગલા જેવું કાળું, પાણી જેવું આસ્વાદનીય, પુષ્ટિકર અને મનોજ્ઞ છે. તેની ચારે દિશામાં ચાર દ્વાર છે. તેમાં ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય પોતાના પરિવાર સહિત પરિભ્રમણ કરે છે.

**પુષ્કરદ્વીપ :** ધાતકીખંડની ચારેબાજુ તેને ફરતો સોળ લાખ યોજન વિસ્તૃત પુષ્કરદ્વીપ છે. તેની મધ્યમાં ગોળાકારે માનુષોત્તર પર્વત છે. તેનાથી પુષ્કરદ્વીપના બે વિભાગ થાય છે. આઠ લાખ યોજન પ્રમાણ આભ્યંતર પુષ્કરદ્વીપ અને આઠ લાખ યોજન પ્રમાણ બાહ્ય પુષ્કરદ્વીપ છે. પુષ્કરદ્વીપમાં

૧૪૪ ચંદ્ર અને ૧૪૪ સૂર્યો છે. તેમાંથી આભ્યંતર પુષ્કરદ્વીપમાં ૭૨-૭૨ ચંદ્ર-સૂર્ય અને બાહ્ય પુષ્કરદ્વીપમાં ૭૨ ચંદ્ર-સૂર્ય છે.

**અઢીદ્વીપ-મનુષ્યક્ષેત્ર** : મધ્યલોકના અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં ૪૫ લાખ યોજન પ્રમાણ અઢીદ્વીપક્ષેત્રમાં જ મનુષ્યો છે, તેથી તે ક્ષેત્રને મનુષ્યક્ષેત્ર કહે છે. તેમાં જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કરદ્વીપ (આભ્યંતર પુષ્કરદ્વીપ) તથા તેની વચ્ચે આવતા લવણસમુદ્ર અને કાલોદધિસમુદ્ર, આ બે સમુદ્રનો સમાવેશ થાય છે. તેમાં મનુષ્યોને રહેવાના પંદર કર્મભૂમિના, ૩૦ અકર્મભૂમિના અને ૫૬ અંતરદ્વીપના કુલ ૧૦૧ ક્ષેત્રો છે. તેમાંથી ત્રણ કર્મભૂમિના અને છ અકર્મભૂમિના કુલ નવ ક્ષેત્રો જંબૂદ્વીપમાં, તેનાથી બમણા અર્થાત્ અઢાર ક્ષેત્રો ધાતકીખંડમાં, અઢાર ક્ષેત્રો આભ્યંતર પુષ્કરદ્વીપમાં અને છપ્પન અંતરદ્વીપ લવણસમુદ્રમાં છે. કુલ ૯ + ૧૮ + ૧૮ + ૫૬ = ૧૦૧ મનુષ્યક્ષેત્રો થાય છે.

**જ્યોતિષી દેવો** : જંબૂદ્વીપમાં ૨-૨ ચંદ્ર-સૂર્ય, લવણ સમુદ્રમાં ૪-૪ ચંદ્ર-સૂર્ય, ધાતકીખંડમાં ૧૨-૧૨ ચંદ્ર-સૂર્ય, કાલોદધિસમુદ્રમાં ૪૨-૪૨ ચંદ્ર-સૂર્ય અને આભ્યંતર

પુષ્કરદ્વીપમાં ૭૨–૭૨ ચંદ્ર–સૂર્ય છે. કુલ ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય પોતાના પરિવાર સહિત જંબૂદ્વીપના મેરુપર્વતને ફરતે સતત પરિભ્રમણ કરી રહ્યા છે. તેના કારણે જ મનુષ્યક્ષેત્રમાં દિવસ–રાત આદિ વ્યવહારકાલનું પ્રવર્તન થાય છે. તેમજ ગાજ–વીજ, વરસાદ, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, મેઘધનુષ આદિ હોય છે, તે જ રીતે બાદર અગ્નિ પણ મનુષ્યક્ષેત્રમાં જ હોય છે.

અઢીદ્વીપમાં જ મનુષ્યોના જન્મ મરણ થાય છે.

**પુષ્કરસમુદ્ર આદિ–** પુષ્કરદ્વીપને ફરતો તેનાથી બમણા વિસ્તારવાળો પુષ્કરસમુદ્ર છે. આ રીતે ક્રમશઃ એક દ્વીપ, એક સમુદ્ર, તે રીતે ક્રમશઃ બમણા વિસ્તારવાળા અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર છે. તેમાં અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર છે. અસંખ્ય દ્વીપ–સમુદ્રોમાં પ્રથમ જંબૂદ્વીપથી લઈને ચૌદમા કુંડલાવરાવભાસ દ્વીપ સુધીના દ્વીપ–સમુદ્રો સંખ્યાત યોજન વિસ્તૃત છે અને તેમાં સંખ્યાતા ચંદ્ર–સૂર્ય આદિ જ્યોતિષીવિમાનો છે. પંદરમાં રૂચક દ્વીપથી લઈને અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના દ્વીપ–સમુદ્રો અસંખ્યાત યોજન વિસ્તૃત છે અને તેમાં અસંખ્યાત ચંદ્ર–સૂર્ય આદિ છે. અઢીદ્વીપની બહારના ચંદ્ર–સૂર્ય ગતિ કરતા નથી, તેથી ત્યાં

દિવસ, રાત આદિ વ્યવહાર કાલ નથી, ત્યાં વરસાદ, મેઘધનુષ, ચંદ્રગ્રહણ આદિ નથી, બાદર અગ્નિ પણ નથી.

અસંખ્ય સમુદ્રોમાંથી લવણસમુદ્રનું પાણી ખારું, કાલોદધિ, પુષ્કર અને સ્વયંભૂરમણ, આ ત્રણ સમુદ્રનું પાણી સ્વાભાવિક જલના સ્વાદવાળું, ક્ષીરસમુદ્રના પાણીનો સ્વાદ દૂધ જેવો, ઘૃતવર સમુદ્રના પાણીનો સ્વાદ ઘી જેવો, વરુણવર સમુદ્રના પાણીનો સ્વાદ મદિરા જેવો અને શેષ સર્વ સમુદ્રોના પાણીનો સ્વાદ ઈક્ષુરસ જેવો છે.

**નંદીશ્વરદ્વીપ :** તિરછાલોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્ર પછી આઠમો નંદીશ્વર દ્વીપ છે. તે દ્વીપની ચારે દિશાના ચરમાંતમાં વિજયાદિ ચાર દ્વાર છે.

નંદીશ્વર દ્વીપના મધ્યભાગમાં ચારેય દિશામાં શ્યામ, અંજનરત્નમય ગોપુચ્છ સંસ્થાનના અંજનપર્વત છે. ચારેય વિદિશામાં ચાર રતિકર પર્વત ખંજરીના આકારે સ્થિત છે. પ્રત્યેક અંજનપર્વતની ચારેય દિશામાં એક-એક લાખ યોજનના આંતરે ચાર પુષ્કરિણી છે, તેથી ચારે પર્વતની ચારેબાજુ મળીને સોળ પુષ્કરિણી છે, પ્રત્યેક પુષ્કરિણીની મધ્યમાં એક-એક દધિમુખ પર્વત છે. તેના ઉપર એક એક શાશ્વત ચૈત્ય છે અને રતિકર પર્વતની

ચારેય દિશામાં શકેન્દ્ર અને ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓની રાજધાની છે.

ચારે જાતિના દેવો પર્વના દિવસે, તીર્થંકરોના જન્મ આદિ કલ્યાણક પ્રસંગ જેવા અનેક શુભ પ્રસંગે, પોતાની દિવ્યઋદ્ધિ સહ નંદીશ્વરદ્વીપમાં આવીને અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવીને આનંદ પ્રમોદ કરે છે. આ રીતે આ દ્વીપ દેવોના આનંદ પ્રમોદનું સ્થાન હોવાથી, તેનું નામ નંદીશ્વર દ્વીપ છે.

**દેવ** : દેવભવનું આયુષ્ય ભોગવે તેને દેવ કહે છે. તેની મુખ્ય ચાર જાતિ છે, ભવનપતિદેવ, વ્યંતરદેવ, જ્યોતિષીદેવ અને વૈમાનિકદેવ.

**ભવનપતિદેવ** : ભવનપતિ દેવો અધોલોકમાં પ્રથમ રત્નપ્રભા પૃથ્વીના દશ આંતરામાં રહે છે. રત્નપ્રભા પૃથ્વીમાં બાર આંતરા છે. તેમાં ઉપરના બે આંતરા ખાલી છે. નીચેના દશ આંતરામાં દશે જાતિના ભવનપતિદેવોના સાત ક્રોડ બોતેરલાખ ભવનો છે. દશ ભવનપતિદેવોના વીસ ઈન્દ્રો છે. તેમાં દક્ષિણદિશા અને ઉત્તરદિશાના દેવોના જુદા જુદા ઈન્દ્રોની આભ્યંતર, મધ્યમ અને બાહ્ય, આ ત્રણ પ્રકારની પરિષદ છે. તેના નામ ક્રમશઃ સમિતા, ચંડા અને

જાતા છે. આભ્યંતર પરિષદમાં ઈન્દ્રના અંગત દેવ-દેવીઓ હોય છે. ઈન્દ્ર પોતાના કાર્યની વિચારણા આભ્યંતર પરિષદના દેવ-દેવીઓ સાથે કરીને, ત્યાર પછી મધ્યમ પરિષદના દેવ-દેવીઓને જાણ કરે છે અને ત્યાર પછી બાહ્ય પરિષદના દેવ-દેવીઓને તે કાર્ય કરવાનો આદેશ આપે છે. આ રીતે ત્રણે પરિષદના દેવ-દેવીઓના માધ્યમથી ઈન્દ્ર પોતાનો વ્યવહાર કરે છે. પ્રત્યેક ભવનપતિદેવોના ઈન્દ્રોને ૩૩ ત્રાયસ્ત્રિંશક (પુરોહિત જેવા) દેવો, ચાર લોકપાલ દેવો (ચારે દિશાઓના રક્ષક દેવો) પાંચ અગ્રમહિષીઓ, ત્રણ પરિષદ અને સાત સેના તથા સેનાધિપતિઓ હોય છે. તે ઉપરાંત તે ઈન્દ્રો હજારો સામાનિકદેવો અને આત્મરક્ષકદેવો પર પોતાનું આધિપત્ય કરે છે.

**ભવનો :-** ભવનપતિ દેવોના નિવાસને ભવન કહે છે. તે ભવનો અંદરથી ચોરસ, બહારથી ગોળ, નીચે કમળ કર્ણિકાના આકારે છે. તે ભવનો અત્યંત મનોહર, કાંતિ સંપન્ન, દર્શનીય, રમણીય છે. ત્યાંનું વાતાવરણ દિવ્ય, ભવ્ય અને સૌમ્ય છે. તે ભવનોમાં નાનામાં નાના ભવનો જંબૂદ્વીપ જેટલા અર્થાત્ એક લાખ યોજનના અને મોટામાં

મોટા ભવનો અસંખ્યાત યોજનના હોય છે.

તે દિવ્ય ભવનોમાં (પુણ્યના ભોગવટા રૂપ સ્થાનમાં) દેવો રહે છે. તે દેવો હંમેશાં કુમારાવસ્થા હોય તેવા કોમળ અને સોહામણા હોય છે, તેથી જ તેના નામ સાથે કુમાર શબ્દનો પ્રયોગ થાય છે. અસુરકુમાર, નાગકુમાર આદિ દેવો પુણ્યયોગે પાંચે ઈન્દ્રિયોના સુખને હજારો વર્ષો સુધી ભોગવે છે.

**વ્યંતરદેવોઃ**- મધ્યલોકના વન, પર્વત, ગુફા, સ્મશાન, શૂન્યઘર વગેરે નિર્જન સ્થાનોમાં વ્યંતરદેવો નિવાસ કરે છે. વ્યંતરદેવોની પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અને ગંધર્વ, આ આઠ જાતિઓ છે. રત્નપ્રભા પૃથ્વીના છતરૂપ ૧૦૦૦ યોજનના રત્નકાંડમાં ઉપર અને નીચે સો-સો યોજન છોડીને વચ્ચે ૮૦૦ યોજનમાં વ્યંતરદેવોના તિરછા અસંખ્ય લાખ ભૂમિગૃહ સમાન નગરાવાસ છે. તે નગરોમાં નાનામાં નાનું નગર ભરતક્ષેત્ર પ્રમાણ અને મોટામાં મોટું જંબૂદ્વીપ પ્રમાણ છે અર્થાત્ સર્વ નગરો સંખ્યાત યોજનના હોય છે. તે દેવો અત્યંત ચપળ, કૂતુહલપ્રિય, કોલાહલપ્રિય, ક્રીડાતત્પર હોય છે, હંમેશા તેવા પ્રકારની પ્રવૃતિમાં લીન હોય છે.

તે દેવોની પણ ત્રણ પ્રકારની પરિષદ હોય છે અને તેના દ્વારા વ્યવહાર ચલાવે છે. વ્યંતરદેવોમાં લોકપાલ કે ત્રાયસ્ત્રિંશક જાતિના દેવ હોતા નથી. તેના ઈન્દ્રોને ચાર અગ્રમહિષી હોય છે.

**જ્યોતિષીદેવો** : જે દેવોના વિમાનો તિરછાલોકમાં જ્યોતિ-પ્રકાશ ફેલાવે છે. તે જયોતિષ્કવિમાનો અને તેમાં રહેનારા દેવો જ્યોતિષીદેવો કહેવાય છે. તેના પાંચ પ્રકાર છે, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા. તેમાં ચંદ્ર અને સૂર્ય ઈન્દ્રરૂપ છે. એક ચંદ્ર અને એક સૂર્યના પરિવાર રૂપ ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા દેવો છે. આ પ્રમાણે અસંખ્ય ચંદ્ર અને અસંખ્ય સૂર્ય પોતાના પરિવાર સહિત મધ્યલોકને પ્રકાશિત કરી રહ્યા છે.

સમપૃથ્વીથી ૭૯૦ થી ૯૦૦ યોજન સુધીની ૧૧૦ યોજનની ઊંચાઈમાં અને તિરછા અસંખ્યાત યોજન ક્ષેત્રમાં જ્યોતિષીદેવોના અસંખ્યાત વિમાનો છે. તેમાંથી અઢીદ્વીપ ક્ષેત્રના જ્યોતિષીદેવોના વિમાનો નિરંતર મેરુપર્વતને કેન્દ્રમાં રાખીને પરિભ્રમણ કરે છે. અઢીદ્વીપની બહારના વિમાનો પોતાના સ્થાન પર સદાય સ્થિર રહે છે.

**વૈમાનિકદેવો** : ઊર્ધ્વલોકમાં ૧૨ દેવલોક, નવ ગ્રૈવેયક અને

પાંચ અનુત્તર વિમાનમાં વસનારા દેવો વૈમાનિકદેવો છે. સમપૃથ્વીથી અસંખ્યાત યોજન ઉપર પહેલું સૌધર્મ અને બીજું ઈશાન દેવલોક છે. તે બંને અર્ધચંદ્રકારે છે. ત્યાંથી અસંખ્યાન યોજન ઉપર ત્રીજું-ચોથું દેવલોક, ત્યાંથી અસંખ્યાત યોજન ઉપર ક્રમશઃ પાંચમું, છટ્ઠું, સાતમું, આઠમું દેવલોક, ત્યાર પછી નવમું-દશમું અને અગિયારમું-બારમું દેવલોક, ત્યાર પછી ત્રણ ત્રિકમાં નવ ગ્રૈવેયક અને તેની ઉપર પાંચ અનુત્તરવિમાન છે. પહલું-બીજું દેવલોક ઘનોદધિના આધારે, ત્રીજું-ચોથું અને પાંચમું દેવલોક ઘનવાતના આધારે, છટ્ઠું, સાતમું અને આઠમું દેવલોક ઘનોદધિ-ઘનવાતના આધારે અને ત્યાર પછીના દેવલોક આકાશના આધારે સ્થિત છે.

પ્રથમ દેવલોકમાં દેવોના નિવાસ રૂપ બત્રીસ લાખ વિમાનો છે. આ રીતે સર્વ દેવલોકના વિમાનોની ગણના કરતાં કુલ ૮૪,૯૭,૦૨૩ વૈમાનિક દેવોના વિમાનો છે.

વૈમાનિક દેવોમાં ઉપર-ઉપરના દેવલોકના દેવોની સ્થિતિ, ઋદ્ધિ, વૈક્રિયલબ્ધિ, અવધિજ્ઞાનનું ક્ષેત્ર, આહારની ઈચ્છાનું અને શ્વાસોચ્છ્વાસનું કાલમાન વગેરે ક્રમશઃ વધતું જાય છે.

**ભવસ્થિતિ-કાર્યસ્થિતિ :** નારકી અને ભવસ્થિતિ અને કાયસ્થિતિ સમાન છે. તે જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. મનુષ્ય અને તિર્યંચની ભવસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે. કાર્યસ્થિતિ તિર્યંચની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળની; મનુષ્યની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનેક ક્રોડ પૂર્વ અધિક ત્રણ પલ્યોપમની છે.

**અંતર :** નારકી, દેવ અને મનુષ્યનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાલનું અને તિર્યંચનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનેક સાગરોપમનું છે.

**અલ્પબહુત્વ :-** ચારે ગતિના જીવોમાં સર્વથી થોડા મનુષ્યો છે, તેનાથી નારકી અને દેવો ક્રમશઃ અસંખ્યાતગુણા છે, તેનાથી તિર્યંચો અનંતગુણા છે.

## પ્રતિપત્તિ-૪

ઈન્દ્રિયની અપેક્ષાએ સંસારી જીવોના પાંચ પ્રકાર છે, યથા એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય.

એકેન્દ્રિયમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ, આ પાંચ પ્રકારના જીવોનો સમાવેશ થાય છે.

વનસ્પતિના બે ભેદ છે–પ્રત્યેક વનસ્પતિ અને સાધારણ વનસ્પતિ. જેના એક શરીરે એક જીવ હોય, તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય છે અને એક શરીરે અનંત જીવો હોય, તે સાધારણ વનસ્પતિ છે. સાધારણ વનસ્પતિને નિગોદ પણ કહે છે. વનસ્પતિકાયના સૂક્ષ્મજીવો નિગોદરૂપ જ હોય છે. બાદર વનસ્પતિમાં પ્રત્યેક અને સાધારણ, બે ભેદ છે. ગ્રંથકારોએ સૂક્ષ્મ નિગોદના બે ભેદ કહ્યા છે. અવ્યવહારરાશિ નિગોદ અને વ્યવહારરાશિના નિગોદ.

આ સર્વ જીવોની સમુચ્ચય સ્થિતિ, તેના સૂક્ષ્મ–બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તાની સ્થિતિ, કાયસ્થિતિ, અંતર અને અલ્પબહુત્વની વિચારણા આ પ્રતિપતિમાં છે.

## પ્રતિપત્તિ–૫

કાયની અપેક્ષાએ સંસારી જીવોના છ પ્રકાર છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. પૃથ્વીકાય આદિ પાંચ એકેન્દ્રિય છે અને ત્રસકાયમાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે. તે જીવોની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર અને અલ્પબહુત્વ, આ પ્રતિપતિનો વિષય છે.

## પ્રતિપત્તિ-૬

સંસારી જીવોના સાત પ્રકાર છે- નારકી, તિર્યંચ, તિર્યંચાણી, મનુષ્ય, મનુષ્યાણી, દેવ અને દેવી. નારકીમાં એક નપુંસકવેદ જ હોવાથી તેના એક જ ભેદનું ગ્રહણ કર્યું છે. તિર્યંચ અને મનુષ્યમાં ત્રણે વેદ છે. પરંતુ પુરુષવેદી અને નપુંસકવેદીનો સમાવેશ સમુચ્ચય તિર્યંચ કે મનુષ્યમાં કર્યો છે અને સ્ત્રીવેદી જીવોનું કથન પૃથક્ કર્યું હોવાથી તેનાં બે-બે ભેદનું ગ્રહણ કર્યું છે. દેવગતિમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ આ બે વેદ જ હોવાથી બે ભેદ થાય છે. આ રીતે ચારે ગતિના જીવોના ૧+૨+૨+૨=૭ સાત ભેદ કર્યા છે. તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર અને અલ્પબહુત્વનું નિરૂપણ આ પ્રતિપતિમાં છે.

## પ્રતિપત્તિ-૭

ગતિની અપેક્ષાએ સંસારી જીવોના નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ, આ ચાર પ્રકાર છે. તે ચારે પ્રકારના જીવોના પ્રથમ સમય અને અપ્રથમ સમય રૂપે ભેદની વિવક્ષાથી સંસારી જીવોના આઠ પ્રકાર થાય છે.

**પ્રથમ સમય નારકી :** અન્ય ગતિમાંથી નરકગતિમાં ઉત્પન્ન થયેલા નારકીને તેની ઉત્પતિના પ્રથમ સમયે પ્રથમ

સમયના નારકી અને પ્રથમ સમય પછી તેના જીવનકાલ પર્યંત તે અપ્રથમ સમયના નારકી કહેવાય છે. આ રીતે ચારે ગતિના પ્રથમ-અપ્રથમ સમયના જીવોનું સ્વરૂપ સમજી શકાય છે.

પ્રથમ સમયના નારકી આદિ ચારે ગતિના જીવોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એક સમયની જ હોય છે અને અપ્રથમ સમયના નારકી આદિ જીવોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ પોત-પોતાની સ્થિતિમાંથી એક-એક સમય ન્યૂન હોય છે.

**પ્રથમ સમયના નારકીનું અંતર :-** તે જીવ પ્રથમ સમયની સ્થિતિ તથા પોતાના આયુષ્યની અપ્રથમ સમયની સ્થિતિ પૂર્ણ કરીને, મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જન્મ ધારણ કરીને, પુનઃ નરકગતિમાં ઉત્પન્ન થઈને, પ્રથમ સમયને પ્રાપ્ત કરે, તે તેનું અંતર કહેવાય. પ્રથમ સમયના નારકીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અધિક દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અનંતકાલનું છે. આ રીતે ચારે ગતિના પ્રથમ-અપ્રથમ સમયના જીવોનું અંતર અને અલ્પબહુત્વની વિચારણા થાય છે.

## પ્રતિપત્તિ–૮

સંસારી જીવોના ત્રસ અને સ્થાવર રૂપ બે ભેદમાં સ્થાવર જીવોના પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપ પાંચ ભેદ અને ત્રસ જીવોના બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય રૂપ ચાર ભેદની ગણના કરતાં સંસારી જીવોના નવ ભેદની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર અને તે જીવોના અલ્પબહુત્વની વિચારણા આ પ્રતિપતિમાં છે.

## પ્રતિપત્તિ–૯

જાતિની અપેક્ષાએ સંસારી જીવોનાં એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય રૂપ પાંચે ભેદના પ્રથમ સમય અને અપ્રથમ સમય રૂપે બે–બે ભેદ કરતાં સંસારી જીવોના દશ ભેદ થાય છે. તે દશ ભેદની સ્થિતિ વગેરેનું કથન આ પ્રતિપતિમાં છે.

## સર્વજીવોની નવ પ્રતિપતિ

સંસારી જીવોના ભેદ–પ્રભેદની અપેક્ષાએ નવ પ્રતિપતિનું કથન કર્યું તે જ રીતે સર્વ જીવોના ભેદ–પ્રભેદની અપેક્ષાએ નવ પ્રતિપતિ છે. સર્વ જીવોમાં સિદ્ધ અને સંસારી બંને પ્રકારના જીવોનો સમાવેશ થાય છે.

## પ્રતિપત્તિ-૧

સર્વ જીવોના અનેક અપેક્ષાએ બે પ્રકાર થાય છે. (૧)સિદ્ધ અને અસિદ્ધ-સંસારી(૨) સઈન્દ્રિય-અનિન્દ્રિય

(૩) સકાયિક-અકાયિક (૪) સયોગી-અયોગી

(૫) સલેશી-અલેશી (૬) સશરીરી-અશરીરી

(૭) સવેદક-અવેદક (૮) સકષાયી-અકષાયી

(૯) સજ્ઞાની-અજ્ઞાની (૧૦)આહારક-અનાહારક

(૧૧) સભાષક- અભાષક (૧૨) ચરમ-અચરમ

આ દરેક પ્રકારમાં સંસારી અને સિદ્ધ, સર્વ જીવોનો સમાવેશ થાય છે. બે ભેદમાંથી સિદ્ધનો સમાવેશ જે બોલમાં થાય છે અર્થાત્ સિદ્ધ, અનિન્દ્રિય, અકાયિક, અયોગી, અલેશી, અશરીરી, અવેદક, અકષાયી, અજ્ઞાની, અનાહારક, અભાષક અને અચરમ જીવોની સ્થિતિ સિદ્ધોની અપેક્ષાએ સાદિ-અનંત કાલની છે. તે જીવોનું અંતર નથી. સઈન્દ્રિય, સયોગી આદિ સંસારી જીવોની સ્થિતિ અભવીની અપેક્ષાએ અનાદિ-અનંત અને ભવીની અપેક્ષાએ અનાદિ-સાંતકાલની હોય છે. તે ઉપરાંત સવેદક આદિ જીવોની વિશેષતાની વિચારણા આ પ્રતિપત્તિમાં છે.

## પ્રતિપત્તિ–૨

સર્વ જીવોના ત્રણ–ત્રણ પ્રકાર છે.

(૧) સમ્યગદષ્ટિ, મિથ્યાદષ્ટિ, મિશ્રદષ્ટિ (૨) પરિત, અપરિત, નોપરિત–નો અપરિત (૩) સૂક્ષ્મ, બાદર, નો સૂક્ષ્મ–નોબાદર (૪) પર્યાપ્ત, અપર્યાપ્ત, નોપર્યાપ્ત–નોઅપર્યાપ્ત (૫) સંજ્ઞી–અસંજ્ઞી, નોસંજ્ઞી–નોઅસંજ્ઞી (૬) ભવી, અભવી, નોભવી–નોઅભવી (૭) ત્રસ, સ્થાવર, નોત્રસ–નો સ્થાવર.

**પરિત–અપરિત :** પરિત એટલે સીમિત અથવા મર્યાદિત. તેના બે ભેદ છે, કાયપરિત અને સંસારપરિત. પ્રત્યેક–શરીરી જીવો **કાયપરિત** છે અને જેનું અર્ધપુદ્‌ગલ પરાવર્તનરૂપ સંસાર ભ્રમણ શેષ રહ્યું હોય, તે **સંસારપરિત** છે. અનંત શરીરી જીવો **કાયઅપરિત** અને અનંત સંસાર પરિભ્રમણ શેષ રહયું હોય, તે **સંસારઅપરિત** છે.

**નોસૂક્ષ્મ–નોબાદર :–** જે જીવો સૂક્ષ્મ અને બાદર નામ કર્મથી રહિત હોય, તેવા સિદ્ધ જીવો નોસૂક્ષ્મ–નોબાદર છે. તે જ રીતે સિદ્ધના જીવો નોપર્યાપ્ત–નોઅપર્યાપ્ત, નોભવી–

નોઅભવી, નોત્રસ-નોસ્થાવર કહેવાય છે.

**નોસંજ્ઞી-નોઅસંજ્ઞી:-** જે જીવો મનસહિત અર્થાત્ સંજ્ઞી હોવા છતાં ચિંતન-મનનરૂપ મનોવ્યાપારથી રહિત હોય, તે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી છે. કેવળી ભગવાનને કેવળજ્ઞાન હોવાથી ચિંતન-મનન રૂપ મનોવ્યાપાર નથી, તેથી કેવળી અને સિદ્ધ જીવો નોસંજ્ઞી- નોઅસંજ્ઞી કહેવાય છે.

ઉપરોકત જીવોના સ્વરૂપના આધારે તેની સ્થિતિ, અંતર વગેરે જાણી શકાય છે.

## પ્રતિપત્તિ-૩

સર્વ જીવોના ચાર-ચાર પ્રકાર છે. (૧) મનયોગી, વચનયોગી, કાયયોગી, અયોગી (૨) સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી અવેદી (૩) ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની, કેવળદર્શની (૪) સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત.

**મનયોગી આદિ :** સંજ્ઞી જીવો જયારે મનોવ્યાપાર કરે, ત્યારે તે મનોયોગી અને વચનનો વ્યાપાર કરે ત્યારે વચનયોગી કહેવાય છે. મનોયોગી અને વચનયોગીની સ્થિતિ જઘન્ય એક સમયની અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

સમસ્ત સંસારી જીવોને કાયયોગ હોય છે. તેમ છતાં તે જીવો જયારે મનયોગ કે વચનયોગનો વ્યાપાર કરે છે. ત્યારે તેના કાયયોગની ગણના થતી નથી, તેથી તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહ્ર્ત, ઉત્કૃષ્ટ નિગોદની અપેક્ષાએ અનંતકાલની થાય છે.

## પ્રતિપત્તિ-૪

સર્વ જીવોના પાંચ-પાંચ પ્રકાર છે. (૧) ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયી (૨) નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધ. સમસ્ત છદ્મસ્થ જીવો તેની છદ્મસ્થ અવસ્થા સુધી સકષાયી જ છે. તેમ છતાં જયારે જીવને ક્રોધાદિના પરિણામ આવે ત્યારે જ તે ક્રોધકષાયી આદિ કહેવાય છે, તેથી ક્રોધ, માન, માયાની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. લોભકષાયની જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહ્ર્તની છે. ક્રોધ, માન, માયાનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહ્ર્તનું અને લોભકષાયનું અંતર જઘન્ય, ઉત્કૃષ્ટ અંતર્મુહુર્તનું છે. નારકી આદિ પાંચે જીવોની સ્થિતિ અને અંતર પૂર્વવત જાણવો.

## પ્રતિપત્તિ-૫

સર્વ જીવોના છ-છ પ્રકાર છે- (૧) મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની અને અજ્ઞાની (૨) એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય.

## પ્રતિપત્તિ-૬

સર્વ જીવોના સાત-સાત પ્રકાર છે-૧, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય, અકાય (૨) કૃષ્ણલેશી, નીલલેશી, કાપોતલેશી, તેજોલેશી, પદ્મલેશી, શુકલલેશી અને અલેશી.

## પ્રતિપત્તિ-૭

સર્વ જીવોના આઠ-આઠ પ્રકાર છે.(૧) મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની (૨) નારકી, તિર્યંચ, તિર્યંચાણી, મનુષ્ય, મનુષ્યાણી, દેવ, દેવી અને સિદ્ધ

## પ્રતિપત્તિ-૮

સર્વ જીવોના નવ-નવ પ્રકાર છે (૧) એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, નારકી, તિર્યંચ, મનુષ્ય,

દેવતા અને સિદ્ધ (૨) ચારે ગતિના જીવોના પ્રથમ-અપ્રથમ સમય રૂપ બે-બે ભેદ કરતાં ૪×૨=૮ + સિદ્ધ, આ નવભેદ થાય છે.

## પ્રતિપત્તિ-૯

સર્વ જીવોના દશ-દશ પ્રકાર છે. (૧) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય અથવા (૨) ચારે ગતિ અને સિદ્ધગતિના જીવોના પ્રથમ-અપ્રથમ સમય રૂપ બે-બે ભેદ કરતાં સર્વ જીવોના ૫×૨=૧૦ દશ ભેદ થાય છે.

આ રીતે વિભિન્ન વિવક્ષાઓથી જીવોનું વર્ગીકરણ કરીને, તે જીવોની તે-તે અવસ્થાની સ્થિતિ અને અંતરનું વિસ્તૃત વર્ણન આ આગમનો પ્રતિપાદ્ય વિષય છે. સંસારી જીવોની પ્રત્યેક અવસ્થા મર્યાદિત કાલ સુધી જ રહે છે પરંતુ સિદ્ધ અવસ્થા અને સિદ્ધઅવસ્થામાં પ્રાપ્ત થતાં ગુણોની કાલમર્યાદા સાદિ-અનંતકાલ છે. જીવની ક્ષણે ક્ષણે પરિવર્તન પામતી અવસ્થાઓને છોડીને શાશ્વતસ્થાનને પ્રાપ્ત કરવું, તે જ સર્વ સાધકોનું લક્ષ્ય છે.

# શ્રી આગમ સૂત્ર

## ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

## ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

## ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

## ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ - 9825193988

◆ કિંમતઃ રૂ. 300/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-